Extra No. 307

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ જીકેએચ/૧૩૮/૨૦૨૪/એસીડી/પીઆરસી/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૫૬૯૭/ઝેડ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Office Superintendent, Class-III (Conditions of Service relating to Pre-service Training and passing of Post-Training Examination)

Rules, 2024.

કચેરી અધીક્ષક, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લગતી સેવાની શરતો) નિયમો, ૨૦૨૪ સંબંધી

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીકેએચ/ ૧૩૮/ ૨૦૨૪/ એસીડી/ પીઆરસી/ ઈ-ફાઈલ/ ૨/ ૨૦૨૩/ ૫૬૯૭/ ઝેડ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ-૩-ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો કચેરી અધીક્ષક, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લગતી સેવાની શરતો) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, નિમ્ન જગામાંથી બઢતીથી હોય તે સિવાયની, મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ-૩-ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા:- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "કરાર આધારિત જગા" એટલે જે જગા ઉપર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની કરાર આધારિત ધોરણે નિમણૂક કરવામાં આવી હોય તેવી મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ-૩-ની જગા;

(ગ) "મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA)ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ);

(ઘ) "સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ(GSSSB), ગાંધીનગરની ભલામણોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ-૩-ની જગા ઉપર કરાર આધારિત ધોરણે નિમાયેલી વ્યક્તિ;

(ચ) "પરીક્ષા" એટલે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને જે સંસ્થા દ્વારા પૂર્વ-સેવા તાલીમ આપવામાં આવે છે તે સંસ્થા દ્વારા યોજવામાં આવતી તાલીમાંત પરીક્ષા;

(છ) "સંસ્થા" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) અથવા સરકાર જાહેર કરે તેવી બીજી સંસ્થા;

(જ) "નિર્દિષ્ટ તકો" એટલે કોઈ વ્યક્તિએ જેટલી તકોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) "નિર્દિષ્ટ મુદત" એટલે કોઈ વ્યક્તિએ જે મુદતની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. સંસ્થાકીય તાલીમ.-

સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, નીચેની જોગવાઈઓ અનુસાર સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે અને સંસ્થા દ્વારા યોજવામાં આવતી પરીક્ષા પાસ કરવાની રહેશે:-

(૧) સંસ્થાકીય તાલીમ, આઠ અઠવાડિયાની મુદત સુધીની રહેશે. આ તાલીમ સંસ્થા દ્વારા આપવામાં આવશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સંસ્થાના મહાનિયામકના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થાએ પરીક્ષા યોજવી જોઈશે. સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની (તાલીમાંત) પરીક્ષા યોજવામાં આવે ત્યાં સુધી, તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. પરીક્ષાનો અભ્યાસક્રમ અને યોજના (સ્કીમ).-

(૧) પરીક્ષા, પાંચ પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એકસો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-૧ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પ્રશ્નપત્ર ૫ કે જે વર્ણનાત્મક રહેશે તે સિવાય, પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે. પ્રશ્નપત્ર ૫-ના જવાબ અંગ્રેજી અથવા ગુજરાતી અથવા પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ અનુસાર લખવા જોઈશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્રો ૧ થી ૪ ના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની છૂટ આપવામાં આવશે અને પ્રશ્નપત્ર ૫-ના જવાબ પુસ્તકો વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.- "પુસ્તકો સાથે" એટલે કોઈપણ વિવરણો અથવા પૂર્વ-કાયદા (કેસ લો) સિવાયના મૂળ અધિનિયમો અને નિયમો ધરાવતું સરકારે અથવા સંસ્થાએ માન્ય કરેલ વિષયનું મૂળ પુસ્તક અને તેમાં ગુજરાત સરકારે અધિનિયમ હેઠળ બહાર પાડેલા, પ્રસિદ્ધ કરેલા અથવા મંજૂર કરેલા નિયમસંગ્રહો (મેન્યુઅલ્સ)નો સમાવેશ થાય છે.

૫. નિર્દિષ્ટ તકો.-

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની કરારની પાંચ વર્ષની મુદત દરમિયાન, ત્રણ તકોની અંદર, પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ રહે તેવી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને વધારાની એક તક આપવામાં આવશે, જેનો લાભ, છેલ્લી સામાન્ય તકનો લાભ લીધો હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણેની નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે વ્યક્તિ, પોતાના કાબૂ બહારના કારણોસર નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તો તે, કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને આવી પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, કોઈ વ્યક્તિ વધારાની તકોનો લાભ લીધા પછી પરીક્ષા પાસ કરે, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર, તે, સિનિયોરીટીનો દાવો કરવાને હકદાર રહેશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષા સમયસર યોજવામાં આવી ન હોય અથવા તેમની કરાર આધારિત સેવાની મુદત પૂરી થાય તે પહેલાં તેનું પરિણામ જાહેર થઈ શકે નહિ, તો તેની કરાર આધારિત મુદત, લંબાવેલી હોવાનું ગણાશે. સદરહુ મુદત તેણે છેલ્લી વધારાની તકનો લાભ લીધો હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં નહિ બેસવાની બાબત, એક તક તરીકે ગણાશે.

૬. પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા.-

(૧) પરીક્ષામાં બેસવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાકીય તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવું જોઈશે, અન્યથા તેઓ પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠરશે અને તેમની કરાર આધારિત નિમણૂક સમાપ્ત થવાને પાત્ર ઠરશે.

(૨) સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને ત્રણ દિવસ કરતાં વધુ દિવસની કોઈપણ પ્રકારની રજા અથવા ગેરહાજરીની પરવાનગી આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નીમાયેલ વ્યક્તિ, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે

અને સંસ્થાના મહાનિયામક-ને ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઇ અનિવાર્ય સંજોગોને કારણે ન હતી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિની ગેરહાજરીના દિવસો બદલ તેના પગારની કપાત કરવાનો આદેશ કરી શકશે.

૭. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો.-

સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઇ અનામત જામીનગીરીની રકમ લીધા સિવાય, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઇશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થાય પછી તરત જ પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઇ ગયાના અથવા તેને નુકસાન થવાના કિસ્સામાં, સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઇશે.

૮. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઇ).-

સીધી ભરતીથી નિમાયેલી કોઇપણ વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપટોપ, આઈ-પેડ, કેલ્ક્યુલેટર વગેરે જેવા સંદેશા-વ્યવહારના કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) ગુણનું રહેશે.

(૨) કોઇ ઉમેદવાર, પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં (પાસ થવા માટે) લાયકી ધોરણ મેળવવામાં અસમર્થ રહે તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને, તે પ્રશ્નપત્ર માટેના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ (ગ્રેસ માર્ક) આપવામાં આવશે અને ત્યાર પછી, તે (ઉમેદવાર) લાયકી ધોરણ જેટલા અથવા તેના કરતાં વધારે ગુણ મેળવે, તો તેને, પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

(૩) કોઇ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રો-માં બેસવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૪) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, સંસ્થાકીય તાલીમમાં હાજર રહેવા અને/અથવા પરીક્ષામાં બેસવા માટે તેણે કરેલ મુસાફરી માટે કોઇ મુસાફરી ભથ્થું મેળવવા હકદાર રહેશે નહિ.

૧૦. પરિણામની પ્રસિદ્ધિ.- સંસ્થાના મહાનિયામકે, તાલીમાંત પરીક્ષાનું પરિણામ જાહેર કરવું જોઇશે અને તે (પરિણામ) સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં રજૂ કરવું જોઇશે.

૧૧. જામીનગીરી અને જામીનખત.-

સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટ ૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં બોન્ડ (ખત) કરી આપવાનું રહેશે.

૧૨. પ્રકીર્ણ જોગવાઇઓ.-

સંસ્થા, પ્રવર્તમાન સંજોગો મુજબ પરીક્ષાની તાલીમનો કાર્યક્રમ બદલવા અથવા તેમાં ફેરફાર કરવા હકદાર રહેશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ ૪(૧))

સીધી ભરતીથી નિમાયેલ કચેરી અધીક્ષક, વર્ગ ૩ માટેની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧: ભારતનું બંધારણ,પંચાયતી રાજ અને પંચવર્ષીય યોજના

ગુણ: ૧૦૦ સમયગાળો: ૩ કલાક (પુસ્તકો સાથે) (એમસીક્યુ) (બહુવિધ પસંદગી પ્રશ્નો)

૧. ભારતનું સંવિધાન (અનુચ્છેદ-૩૨,૩૦૯,૩૧૦ અને ૩૧૧).

૨. મૂળભૂત હકો (અનુચ્છેદ ૧૨ થી ૩૦ અને અનુચ્છેદ ૩૨).

૩. માર્ગદર્શક સિદ્ધાંતો (અનુચ્છેદ ૩૬ થી ૫૧).

૪. સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ (અનુચ્છેદ ૧૨૪, ૨૨૬)

૫. ચૂંટણી આયોગ (કેન્દ્રીય અને રાજ્ય) (અનુચ્છેદ ૩૨૪ થી ૩૨૮).

૬. નાણા આયોગ (કેન્દ્રીય અને રાજ્ય) (અનુચ્છેદ ૨૬૬, ૨૬૭, ૨૮૦, ૨૮૧, ૨૮૩).

૭. સાતમી અનુસૂચિ (અનુચ્છેદ ૨૪૬).

૮. પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદાઓ.

૯. નીતિ આયોગ - ઉદ્દેશ, કામકાજની ફાળવણીના નિયમો (સુધારા સાથે).

૧૦. જીપીએસસીની ભૂમિકા (અનુચ્છેદ ૩૨૦).

૧૧. ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.

૧૨. ૭૩માં અને ૭૪માં સુધારાને લક્ષમાં લઈને, પંચાયત નગરપાલિકાની જોગવાઈ.

પ્રશ્નપત્ર ૨: કચેરી કાર્યપદ્ધતિ, અધિનિયમો અને નિયમસંગ્રહ

ગુણ: ૧૦૦ સમયગાળો: ૩ કલાક (પુસ્તકો સાથે) (એમસીક્યુ) (બહુવિધ પસંદગી પ્રશ્નો)

૧. વિભાગોના વડાની કચેરીઓ અને તેઓના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓના નિયમ સંગ્રહ.

૨. સચિવાલય અને ક્ષેત્ર (અન્ય કચેરીઓ સાથે) સંબંધ.

૩. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (તમામ સુધારા સાથે).

૪. ખાતાકીય પરીક્ષા નિયમો/ભરતી નિયમો.

૫. લોકસભા/ રાજ્યસભાના પ્રશ્ન-તેમના પ્રકાર અને કાર્યરીતિ

૬. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

૭. રજૂઆતની પ્રણાલી.

પ્રશ્નપત્ર ૩: સેવા વિષયક બાબતો

ગુણ: ૧૦૦ સમયગાળો: ૩ કલાક (પુસ્તકો સાથે) (એમસીક્યુ) (બહુવિધ પસંદગી પ્રશ્નો)

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત મુલકી સેવા નિયમો(જી.સી.એસ.આર), ૨૦૦૨ વોલ્યૂમ ૧ થી ૮.

૪. કામગીરી મૂલ્યાંકન અહેવાલો અને દિશાનિર્દેશો.

૫. રોસ્ટર મેન્યુઅલ (રોસ્ટર રજિસ્ટર કેવી રીતે તૈયાર કરવું, નિભાવવું અને રોસ્ટર પોઈન્ટની ફાળવણી કરવી).

૬. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૭. કામકાજના નિયમો અને તે હેઠળ બહાર પાડેલી સૂચના.

૮. ગુજરાત વિધાનસભા નિયમો.

૯. ગુજરાત જાહેર સેવા આયોગ (પરામર્શ) વિનિયમો, ૧૯૬૦.

પ્રશ્નપત્ર ૪: નાણાકીય બાબતો

ગુણ: ૧૦૦ સમયગાળો: ૩ કલાક (પુસ્તકો સાથે) (એમસીક્યુ) (બહુવિધ પસંદગી પ્રશ્નો)

૧. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ભાગ ૧ અને ૨.

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.(સંબંધિત નિયમો)

૪. નાણાકીય સત્તાની સોંપણી.

૫. ગુજરાત સરકારની ખરીદ નીતિ.

૬. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

પ્રશ્નપત્ર ૫: ગુજરાતી - અંગ્રેજી ભાષા

ગુણ: ૧૦૦ સમયગાળો: ૩ કલાક (પુસ્તકો વિના) (વર્ણનાત્મક)

૧. ગુજરાતી અને અંગ્રેજીમાં નોંધલેખન અને મુસદ્દાલેખન.

૨. જાહેર અને અન્ય સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર.

૩. હાઇકોર્ટ મેટર (પેરાવાઇઝ રિમાર્ક્સ તૈયાર કરવી, સોગંદનામું ફાઇલ કરવું અને વિગતદર્શક હુકમનો મુસદ્દો ઘડવો).

૪. વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત.

૫. અર્ધ-સરકારી પત્રનું મુસદ્દાલેખન.

૬. વિવિધ પ્રકારના સરકારી હુકમો, તેનો ઉપયોગ; મહત્વ (સરકારી ઠરાવ, જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદી પત્ર, વગેરે).

૭. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અને ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.

૮. જાહેર સંબંધ અને પ્રત્યાયન (કમ્યુનિકેશન).

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૧)

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું ..... વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક .....માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી, "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર કચેરી અધીક્ષક, વર્ગ ૩ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચૂકવવાનું થતું હોવાથી, સંસ્થા દ્વારા મને આપવામાં આવેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચૂકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ. .... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઇ પૈકીની કોઇ જોગવાઇ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (ઘ) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતા પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે. અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે;

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના .....મહિનાની..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યું:-

(૧) સહી અને પૂરેપૂરું સરનામું.

(૨) સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી ખત

અમે શ્રી..... અને ..... રહેવાસી ..... તાલુકો ..... જિલ્લો....., તે ઉપરના નામવાળા શ્રી.....ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (૪) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી તેની નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજ્યપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુક્ત અને પૃથક રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઇશું નહિં અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને પૃથક રહેશે.

સદરહુએ સન ૨૦.....ના ..... મહિનાની..... તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખ: જામીનની સહી.

સ્થળ:

પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખ: જામીનની સહી:

સ્થળ:

પૂરેપૂરું સરનામું અને ધંધો.

નીચેનાની હાજરીમાં:

૧) સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધો:

૨) સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કિંતન ચૌધરી,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.29 10:42:45 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar